વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

જિલ્લામાં એક અંદાજ મુજબ વેટની પ્રતિદિન ૫ કરોડની આવક

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વેટની કેટલી આવક થઈ તે અંગે ધંધુકાના ધારાસભ્ય રાજેશભાઈ ગામિતે રજુ કરેલા પ્રશ્ન સંદર્ભે નાયબ મુખ્યમંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવ્યા મુજબ ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન રૂ ૧૭૫૦.૬૮ કરોડઅને વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ૧૧૫૩.૪૭ કરોડની આવક થઈ છે. રૂ ૨૯૦૩ કરોડ વેટની આવક નોંધાઈ છે.જયારે વેટની આ આવક પૈકી મોટાભાગની આવક ગેસ, આર્યન સ્ટીલ, ઓટોમોબાઈલ, એડીબલ ઓઈલ, પેકીંગ મટીરીયલ્સમાંથી થઈ છે. આ ઉપરાંત કલોલના બળદેવજી ઠાકોરના પ્રશ્ન અંગે પણ તેમણે આપેલા ઉત્તરમાં જણાવ્યા મુજબ ખાદ્યતેલના ઉત્પાદકો પાસેથી બે વર્ષમાં ૩૮.૬૧ કરોડની વેટની આવક થઈ છે. વેટની આવક મુજબ એક અંદાજે જિલ્લામાં રોજની રૂ ૫ કરોડની આવક થઈ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

- **જિલ્લામાં ૨૩ તળાવો ઉંડા કરવા ૧.૩૩ કરોડ ખર્ચાયા**

ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા માણસાના ધારાસભ્યના પ્રશ્ન અંગે જળસંપત્તિ મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાંવાયા મુજબ બે વર્ષમાં ૨૩ ગામોના ૨૩ તળાવો ઉંડા કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૭ ગામોમાં ૭ , કલોલમાં ૫ માણસાના ૪ અને દહેગામ તાલુકામાં ૭ સહીત કુલ ૨૩ તળાવો ઉંડા કરાયા છે. તળાવ ઉંડા કરવા પાછળ રૂ ૧.૩૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

- **કુવાઓના વિજળીકરણ પાછળ ૨.૯૪ કરોડનો ખર્ચ**

ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે રજુ કરેલા કુવાઓના વિજળીકરણના પ્રશ્ન અંગે ઉર્જામંત્રીએ ઉત્તરમાં જણાંવ્યુ હતુ કે બે વર્ષમાં ૧૫૫૫ કુવાઓનુ વિજળીકરણ કરવામાં આવ્યુ છે. જયારે આ કામગીરી પાછળ રૂ ૨૯૪૧.૨૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

- **થર્મલ પાવર સ્ટેશને બે વર્ષમાં ૭૫૫૫ મિલીયન યુનિટસ વિજ ઉત્પાદન કર્યુ**

થર્મલ પાવર સ્ટેશન બે વર્ષમાં કેટલીવાર બંધ રહયો જયારે પ્લાન્ટ બંધ રહેવાના શુ કારણો અને વિજ ઉત્પાદન કેટલુ થયુ તે અંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યએ પુછેલા પ્રશ્નના જવાબમાં ઉર્જામંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવાયા મુજબ થર્મલ પાવર વિજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વિજ ઉત્પાદનનો સંગ્રહ શકય નથી. વિજઉત્પાદન વપરાશ અને માંગને આધારિત છે. આકસ્મિક રીતે ખોટકાવાની સાથે બળતણ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં પ્લાન્ટ બંધ રહે છે. છેલ્લા બે વર્ષમાં ૭૫૫૫ મિલીયન યુનિટસ વિજ ઉત્પાદન કરવામાં આવ્યુ છે.

- **એક વર્ષમાં ૧૭૨ બાળકોને હૃદય રોગની સારવાર**

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અન્વયે ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણના પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ આપેલા જવાબમાં જણાવાયા મુજબ છેલ્લા એક વર્ષમાં ૩,૦૯૩૪૨ બાળકોની તપાસ કરવામાં આવી છે જયારે આ પૈકી ૨૪૧૧૮ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંત, આંખ , કાન , નાક ગળાની તકલીફ જણાંઈ આવી છે. જયારે આ દરમિયાન ૧૭૨ બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવી છે.

વિશ્વ મહિલા દિને શહેરમાં બે દિકરી તો ગ્રામ્યમાં ૧૫ દિકરીઓનો જન્મ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરી વિસ્તારમાં આજે બે દિકરીના જન્મ નોંધાયા છે તો ગ્રામીણ વિસ્તારમાં ૧૫ દિકરીના જન્મ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ગઈકાલ મધરાતથી શરૂ કરી અને આજે મોડી રાત્રે ૮ વાગ્યા સુધીમાં ૫૦ જેટલી પ્રસુતિ નોંધાઈ છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં જે બે બાળકીઓ જન્મી છે તે ખાનગી દવાખાનામાં છે.

આજે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામની એક મહિલાએ બાળકીને જન્મ આપ્યો હતો. ખાનગી દવાખાનામાં આ બાળકીના અભિવાદન માટે રાજયમંત્રી વિભાવરીબેન દવે, એમ.ઓ.એચ. ડૉ. ગોસ્વામી અને તેમની ટીમ પહોચી હતી અને પ્રસુતાના ખબરઅંતર પુછી દિકરીના જન્મની વધામણી રૂપે કીટ પણ ભેટ આપી હતી.

આ ઉપરાંત સે. ૨૨માં જ અન્ય એક ખાનગી દવાખાનામાં સેક્ટર-૨ની પ્રસુતાએ દિકરીને જન્મ આપતાં મહાનગરપાલિકાના મેયર તેમજ મનપાના આરોગ્ય અધિકારીની ટીમ ત્યાં પહોચી દિકરીના જન્મની વધામણી સાથે માતાને કીટ આપી હતી.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે સૌથી વધુ દિકરીઓના જન્મ કલોલ તાલુકામાં નોંધાયા છે. જેમાં ૬ દિકરીઓના જન્મ નોંધાયા છે. આ પછી માણસા તાલુકામાં ૪ અને ગાંધીનગર તાલુકામાં ૩ દિકરીના જન્મ નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

ગૃહના સમયમાં ફેરફાર કરવા ગૃહના સભ્યો જ દબાણ બનાવી રહ્યા છે !!

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભામાં વિધાનસભાના સમયમાં ફેરફાર કરવા માટે એક દબાણ ઉભુ થતુ જોવા મળ્યુ છે. જો કે હાલ આ મુદ્દે બન્ને પક્ષોના દંડકોને તેમની વાત પહોંચાડવામાં સભ્યો સફળ રહ્યા છે. આ ઝુંબેશનો પડઘો કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં પડે તેવી લાગણી પણ સભ્યો ધરાવી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ''અડીખમ ગુજરાત''ના ૫૦ ટકા જેટલા ધારાસભ્યો ડાયાબીટીસ તેમજ બી.પી.ની બિમારી ધરાવે છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર ૨૦ જેટલા ધારાસભ્યોને ડાયાબીટીસનું નિદાન થયેલુ છે અને તેઓ નિયમિત સારવાર પણ લઈ રહ્યા છે.

''અડીખમ ગુજરાત''ના અડધો અડધ સભ્યો ડાયાબીટીસ અને બી.પી.ની બિમારી ધરાવે છે !!

હાલ વિધાનસભાનો સમય સોમ થી ગુરૂ દરમ્યાન ૧૨ થી ૫.૧૫ સુધીનો હોય છે જ્યારે ગુરૂવારનો સમય સવારે ૮.૩૦ થી ૧.૩૦નો હોય છે.

ડાયાબીટીસની બિમારીથી પિડાતા સભ્યો બપોરે ૧ થી ૧.૩૦ની વચ્ચે ભોજન લેતા હોય છે પણ પ્રશ્નોત્તરી અને અન્ય અગત્યની બાબતોને લઈ તેમના ભોજનમાં વિલંબ થતો હોય છે. આથી સભ્યો ગૃહનો સમય સવારે ૧૧ વાગ્યાથી શરૂ કરવામાં આવે તેવી લાગણી ધરાવે છે.

તો શુક્રવારનું મોર્નિંગ સત્ર સવારે ૯ વાગ્યાથી અર્થાત્ અર્ધો કલાક મોડુ શરૂ કરવામાં આવે અને તે મોડે સુધી ચાલે તો વાંધો નથી.

બન્ને પક્ષના દંડકો સુધી આ વાત પહોંચાડવામાં સભ્યો અત્યારે સફળ રહ્યા છે પણ કામકાજ સલાહકાર સમિતિ જ ગૃહના સમયમાં ફેરફાર કરી શકે. હવે સભ્યો જરૂર પડ્યે આ મુદ્દે સર્વપક્ષીય સહિ ઝુંબેશ માટે આગળ વધવાનું વિચારી રહ્યા છે. જો કે સમયમાં હાલ કોઈ જ ફેરફાર કરાયો નથી પણ સમયમાં ફેરફાર કરવા માટેનું દબાણ જરૂર ઉભુ થયુ છે.

ન્યાય નહી મળે તો આત્મવિલોપન કરીશુ...

વીસ દિવસમાં આત્મવિલોપનની ચિમકીની ૫૩ અરજીઓ આવી..!

વિધાનસભા સત્ર શરૂ થયુ તેના પ્રથમ દિવસથી ગાંધીનગર પોલીસની ત્રણ ટીમો મોબાઈલમાં ફોટો રાખીને આત્મવિલોપન કરવા આવનારને શોધવા રોજ કામે લાગે છે : ૫૩ અરજીઓમાં ૨૧૫ વ્યક્તિઓના આત્મવિલોપનની ચિમકી : ન્યાય મેળવવા પદ્ધતિ બદલાઈ : આત્મવિલોપન જાણે સહજ થતુ જાય છે..!

ગાંધીનગર, તા. ૮

રાજયમાં સરકાર અને વિવિધ તંત્રોથી સંખ્યાબંધ વ્યક્તિઓ-જુથો અને સમાજો નારાજ છે. ક્યારેક નબળી અને ઢીલી કામગીરીથી તો ક્યારેક હક્ક અને અધિકારોથી વંચિત રાખવાના વલણથી નારાજગી પરાકાષ્ઠાએ પહોંચે છે. પહેલા આ નારાજગી વ્યક્ત કરવા સંગઠીત થઈને વિરોધ પ્રદર્શનો કરાતા હતા. ગાંધીનગરમાં ઢગલાબંધ રેલીઓ-સરઘસો અને ધરણા પ્રદર્શનો થયા પરંતુ અરજદારો-આંદોલનકારીઓની માંગણીઓ માંડ કોઈકની જ સંતોષાઈ હોય તેવુ બન્યુ છે. હવે માંગણીઓ સંતોષાય તે માટેની અને ન્યાય મેળવવા માટેની પદ્ધતિ જ જાણે બદલાઈ ગઈ હોય તેમ કેટલાક દિવસોથી જોવા મળી રહ્યુ છે. ન્યાય નહી મળે તો આત્મવિલોપન કરીશુ. આ ચિમકી હવે આપી દેવાનો સિલસિલો શરૂ થઈ જતા આત્મવિલોપન જાણે સહજ થતુ જાય છે તેમ લાગી રહ્યું છે..!

જાણીને કદાચ નવાઈ લાગશે કે ભાનુભાઈ વણકરના આત્મવિલોપનની ઘટના બાદ કોઈ પણ રજુઆત અને માંગણીને અંતે હવે અરજદારો આત્મવિલોપન કરી લેવાની ચિમકી આપવા લાગ્યા છે. જો કે આ ચિમકી આપવા અરજદારો ત્યારે જ મજબુર થઈ રહ્યા હશે જ્યારે તંત્ર કે સરકાર તેમની વ્યાજબી માંગણીઓ પણ સાંભળવામાં રસ દાખવતી બંધ થઈ ગઈ હશે..! વિધાનસભા સત્ર શરૂ થયે ૨૦ દિવસ થયા. સત્રના શરૂઆતના પ્રથમ દિવસે જ ઉત્તર ગુજરાતના એક ગામના કુટુંબે વિધાનસભા બહાર આત્મવિલોપન કરી લેવાની ચિમકી આપી હતી. કુટુંબના ૩૩ સભ્યો આત્મવિલોપન કરશે તેવી ચિમકીને પગલે ગાંધીનગર એલસીબી અને સ્થાનીક પોલીસની ટીમો ૩૩ સભ્યોના ફોટો મોબાઈલમાં લઈને આખો દિવસ ફર્યા કે કોઈ અનિચ્છનીય બનાવ બની ન જાય..! વિધાનસભા સત્રના પ્રથમ દિવસથી આજે ૨૦ દિવસ સુધીના સમયગાળામાં આત્મવિલોપનની ચિમકીની બે-પાંચ નહી ૫૩ અરજીઓ આવી છે. એટલે કે રોજ બે-ત્રણ અરજીઓ આત્મવિલોપનની ચિમકીની હોય છે. તેમાં પણ મોટા ભાગની અરજીમાં

● અનુસંધાન પાન-૭ પર

બજારમાં ઘઉંની આવક શરૂ થઈ

આજે ૨૦૦ થી ૨૫૦ ક્વીન્ટલ જેટલી આવક નોંધાઈ ક્વીન્ટલના ૧૬૧૫ થી ૧૮૩૦ના ભાવની બોલી બોલાઈ

ગાંધીનગર, તા. ૮

હોળીનું પર્વ પુરૂ થતાં જ બજારમાં ઘઉંના પાકની આવકનો સિલસિલો શરૂ થયો છે. આ વખતે જિલ્લામાં ઘઉંના પાકનું મબલખ ઉત્પાદન થવા પામ્યુ છે.

આજે બજારમાં ૨૦૦ થી ૨૫૦ ક્વીન્ટલ ઘઉંની આવક થવા પામી હોવાનું જાણવા મળેલ છે. આજે બજારમાં આ નવા ઘઉંના પાકની ખરીદી રૂ. ૧૬૧૫ થી ૧૮૩૦ના ક્વીન્ટલના ભાવેથી હોવાનું પણ ખેડૂતો પાસેના વર્તુળોએ જણાવ્યુ છે.

જો કે હજુ ઘઉંની આવકનો આજથી આરંભ થયો છે. ઘઉંની કાપણીની મોસમ ચાલી રહી છે.

જિલ્લામાં આ વખતે ૨૮૬૮૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ હતુ અને અંદાજીત ઉત્પાદન ૯૩૬૪૬૭ ક્વીન્ટલ જેટલુ થવાની ધારણા છે. ૧ હેક્ટરે ૩૨^{૬૦} થી ૩૩^{૬૫} કિ.ગ્રા. જેટલુ ઉત્પાદન થવાની ધારણાને ધ્યાને રાખી આ અંદાજ હાલ માંડવામાં આવ્યો છે.

જિલ્લામાં આ વખતે રવિ સીઝનમાં ઠંડી પણ ચારથી પાંચ રાઉન્ડમાં પડતાં ખેડૂતોને ઘઉં માટે સાનુકૂળ વાતાવરણ રહ્યુ છે. ઘઉંના પાકની કાપણી પણ સામાન્યતઃ હોળી પછી શરૂ થતી હોય છે અને તે લગભગ આખો મહિનો ચાલતી હોય છે.

ઘઉંના આજે પ્રથમ દિવસે જે આવક અને ભાવ પડ્યા છે તે જોતાં બજાર લગભગ ગત વર્ષ જેટલુ જ રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં ઘઉં એ મુખ્ય પાક ગણવામાં આવે છે. આ વખતે ઘઉં ઉપરાંત અન્ય પાકોનું ઉત્પાદન પણ સારૂ થશે તેમ મનાઈ રહ્યુ છે.

આર્કિટેક્ટના નોબલ ગણતા પ્રિત્ઝકર એવોર્ડ મળતા બાલકૃષ્ણ દોશી પર અભિનંદનની વર્ષા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત દેશ અને દુનિયામાંથી અભિનંદનનો ધોધ



ગાંધીનગર, તા. ૮

ગુજરાતનું ગૌરવ ગણાતા અને દેશ-વિદેશમાં નામના પામનાર વિખ્યાત આર્કિટેક બાલકૃષ્ણ દોશીને આર્કિટેકનો નોબેલ ગણાતો પ્રિત્ઝકર એવોર્ડ પ્રાપ્ત થતાં ગુજરાતીઓનું મસ્તક ગર્વથી ઉંચુ થયુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત મહાનુભાવોએ તેમના પર અભિનંદનની વર્ષા કરી છે. બાલકૃષ્ણ દોશી પ્રથમ ભારતીય છે જેઓને આ સન્માન પ્રાપ્ત થયુ છે.

આર્કિટેકચરની દુનિયામાં વિશ્વભરમાં વિખ્યાત બનેલા બાલકૃષ્ણ દોશીને ૨૦૧૮નો પ્રિત્ઝકર એવોર્ડ પ્રાપ્ત થયો છે. આર્કિટેક્ચર ક્ષેત્રમાં નોબેલ ગણાતુ આ પ્રાઈઝ અત્યાર સુધી એક પણ ભારતીય કે એકપણ એશિયનને આ સન્માન પ્રાપ્ત થયુ નથી. ૨૦મી સદીના બે મહાન આર્કિટેક ગણાતા લા કાર્બુઝિયર અને લુઈસ કાર્ટન સાથે તેઓ કામ કરી ચુક્યા છે.

૯૦ વર્ષની વયે બાલકૃષ્ણ દોશી ઉર્જાથી સભર છે અને આર્કિટેકચરની દુનિયામાં લીવીંગ લીજેન્ડ ગણાય છે. તેઓએ ભારતમાં સસ્તા, ટકાઉ અને પર્યાવરણની રીતે અનુકૂળ મકાનો, જાહેર સંસ્થાઓનું ડિઝાઈનીંગ કરીને ખ્યાતિ મેળવી છે.

બાલકૃષ્ણ દોશી ફક્ત આર્કિટેક્ટ નહી પણ વિશ્વ પ્રસિદ્ધ અર્બન ટાઉન પ્લાનર તરીકે જાણીતા છે. તેઓએ દેશવિદેશમાં કાર્યરત રહીને અમદાવાદને કર્મભૂમિ બનાવી હતી.

પૂણેમાં જન્મેલા દોશીએ અમદાવાદના વિખ્યાત સ્થાપત્યો ટાગોરહોલ, સેપ્ટ યુનિવર્સિટી કેમ્પસ, અમદાવાદની ગુફા, ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડોલોજી વગેરે અનેક જાણીતા ઈન્સ્ટીટ્યૂટની સ્થાપના અને ડીઝાઈનીંગમાં અત્યંત મહત્વનો ભાગ ભજવ્યો છે.

પ્રિત્ઝકર એવોર્ડ હેઠળ તેઓને એક લાખ અમેરીકી ડોલર અને કાંસ્ય પત્રક અપાશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

શહેરમાં ગરમીનો પારો ૩૫.૭ ડિગ્રીએ છતા બેવડી ઋતુનો અહેસાસ

માડીરાત્રે તેમજ વહેલી સવારે ગુલાબી ઠંડીનુ મોજુ

ગાંધીનગર તા ૮

શહેરમાં મોસમના બદલાતા મિજાજથી નગરજનો ભારે પ્રભાવિત છે. વાતાવરણમાં દિવસ દરમિયાન આકરી ગરમી અનુભવી રહયા છે. જયારે હોળી ધુળેટીના પર્વ દરમિયાન ઠંડી સાવ અદ્રશ્ય થઈ ગઈ છે. પરંતુ છેલ્લા બે દિવસથી સવારે અને રાત્રિના સમયે ગુલાબી ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો ફરી બેવડી ઋતુનો અનુભવ કરી રહયા છે. દિવસે મહત્તમ તાપમાન ૩૪ ડી ગ્રી થી વધીને હવે આગળ વધતા દિવસે અંગ દઝાડતી ગરમી અનુભવતા નગરજનો વહેલી સવારે ગુલાબી ઠંડી અનુભવે છે. આજે પણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૫.૭ ડી ગ્રી રહયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન છેલ્લા બે દિવસથી ૧૯ ડી ગ્રી એ સ્થિર થયુ છે. એકરીતે બેવડી ઋતુ અનુભવતા નગરજનો મોસમના વિચિત્ર મિજાજથી પ્રભાવિત થયા છે.

ઠંડીની ઋતુએ વિદાય લેવાની સાથે વાતાવરણમાં આકરી ગરમીના પગરણ થઈ ચુક્યા છે. ત્યારે ગરમીનો પારો દિનપ્રતિદિન ઉંચો આવી રહયો છે.નગરજનો માટે હવે દિવસના સમયે બહાર નિકળવાનુ આકરુ બન્યુ છે. ગરમી ઉગ્ર બનતા દિવસના આકરા તાપ વચ્ચે નગરજનો અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કરી રહયા છે. ગરમીનો પારો હવે ૩૫ ડી ગ્રીને પાર જતો રહયો છે. જેના લીધે દિવસે ઓફિસ અને ઘરોમાં એ સી અને પંખા ધમધમતા નજરે પડે છે.

● અનુસંધાન પાન-૭ પર

બેવડી ઋતુના લીધે જનઆરોગ્ય પર અસર

છેલ્લા ઘણાં સમયથી વાતાવરણમાં ઠંડી અદ્રશ્ય થવાની સાથે ગરમીનુ પ્રભુત્વ પ્રવર્તયુ છે. રોજબરોજ ગરમીનુ જોર વધી રહયુ છે. છતા લઘુત્તમ તાપમાન પણ વિશેષ ફેરફાર ન થતો હોવાથી રાત્રિના તેમજ સવારના સમયે ઠંડીનુ મોજુ ફરી વળે છે. બેવડી ઋતુના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર થઈ રહી છે. નગરજનોમાં તાવ , ખાંસી અને શરદીની ફરિયાદો વધવાની સાથે વાયરલ ફીવરના દર્દીઓથી ખાનગી દવાખાનાઓ પણ ઉભેરાઈ રહયા છે. બેવડી ઋતુના લીધે નગરજનોના આરોગ્ય પર માંઠી અસર થવા પામી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સલામતિ સપ્તાહની ઉજવણી - ગાંધીનગર સ્થિત વિશ્વ પ્રસિદ્ધ કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનના કામદાર પરિવારે સલામતિ સપ્તાહની ઉજવણી કરી હતી... ફેક્ટરીમાં કામગીરી દરમિયાન કાળજી લેવાના મુદ્દાઓ પર તજજ્ઞો દ્વારા વિવિધ છણાવટ કરાઈ હતી... કંપનીના પદાધિકારીઓ અને વહીવટી સંચાલકોએ સમગ્ર સપ્તાહ દરમિયાન કર્મચારી પરિવાર માટે સંસ્થા દ્વારા લેવાયેલ પગલાઓની માહિતી આપી હતી... સાથો સાથ સરકાર અને કંપની કામદારોની સલામતિ માટે હંમેશા કટિબદ્ધ છે....

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com